# Constitution Article

ભારતીય બંધારણના ભાગ-1 પર સિંધુ ખીણની સભ્યતાના પ્રતિક એક ખૂંધવાળા આખલાનું ચિત્ર આપેલ છે.

ભારતીય બંધારણના ભાગ-2 પર  આર્ય અને વૈદિક સભ્યતાનું ચિત્ર આપેલ છે.

ભારતીય બંધારણના ભાગ-3 પર ભગવાન રામ, લક્ષ્મણ અને સીતામાતાનું ચિત્ર આપેલ છે.

ભારતીય બંધારણના ભાગ-4 પર ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનું ચિત્ર આપેલ છે.

ભારતીય બંધારણના ભાગ- 5 પર ભગવાન બુદ્ધ અને તેમના પાંચ શિષ્યોનું ચિત્ર આપેલ છે.

www.gyanbhandar.com

અનુચ્છેદ (Anteflexion)

| | |
|---|---|
| ભાગ-1 અનુચ્છેદ – 1 થી 4 (સંઘ અને તેના વિસ્તાર) | |
| અનુચ્છેદ –1 | સંઘનુંનામ અને તેનું રાજયક્ષેત્ર |
| અનુચ્છેદ –2 | નવા રાજ્યોને દાખલ કરવા અથવા તેમની સ્થાપના કરવા બાબત. |
| અનુચ્છેદ –3 | દેશના અસ્તિત્વ ધરાવતા રાજ્યોમાંથી નવા રાજ્યની સ્થાપનાની સત્તા (વિસ્તારો,સીમાઓ અને નામોમાં ફેરફાર) |
| અનુચ્છેદ –4 | અનુચ્છેદ-2 અને 3 હેઠળ કરેલા કાયદામાં પહેલી અને ચોથી અનુસૂચિઓના સુધારા અને પૂરક, આનુષંગિક અને પારિણામીક બાબતો માટે જોગવાઈ કરવા બાબત. |
| ભાગ-2  અનુચ્છેદ – 5 થી 11 (નાગરિકત્વ ) | |
| અનુચ્છેદ –5 | ભારતના રાજયક્ષેત્રમાં વસવાટ કરે છે, તેનો અથવા તેના માતાપિતામાંથી કોઈ એકનો ભારતમાં જન્મ થયો હોય અથવા તે બંધારનના પ્રારંભના બરાબર પહેલાના ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ભારતના રાજયમાં રહેતો હોય તો તે ભારતના નાગરિકત્વનો હકદાર રહેશે. |
| અનુચ્છેદ –6 | કોઈ વ્યક્તિ 19 જુલાઇ 1948 પહેલા પાકિસ્તાનથી પ્રવાસ કરીને ભારતમાં આવ્યો હોય તેને બંધારણના પ્રારંભમાં ભારતનો નાગરિક સમજવામાં આવશે. |
| અનુચ્છેદ –7 | ▪ 1 માર્ચ 1947 પછી પાકિસ્તાન સ્થળાંતર કરી ગયેલ વ્યક્તિ ભારતનો નાગરિક રહેશે નહિ.<br>▪ 1.3.1947 થી 26.1.1950 સુધી પાર્ટ ફરેલા નાગરિકો જેમને સીએચએચ માસ નિવાસ અને ત્યારબાદ રજીસ્ટ્રેશન દ્વારા 26.1.1950 પછી નાગરિકત્વ પ્રાપ્ત કરી શકશે. |
| અનુચ્છેદ –8 | કોઈપણ ભારત શાસન અધિનિયમ 1935 માં ભારતમાં જન્મેલ હોય આની તે વિદેશમાં રહેતા હોય તો તેમને ભારતના નાગરિક ગણવામાં આવશે. |
| અનુચ્છેદ –9 | કોઈ વ્યક્તિ પોતાની ઈચ્છાથી બીજા દેશનું નાગરિકત્વ સ્વીકારે તો તેને ભારતનો નાગરિક ગણવામાં આવશે નહિ. |
| અનુચ્છેદ –10 | નાગરિક હકોનું સાતત્ય સંસદે બનાવેલ કાયદાને આધિન રહેશે. |
| અનુચ્છેદ –11 | નાગરિકત્વનો સ્વીકાર અને ત્યાગની બાબતમાં સંસદની સત્તાઓ, ભારતમાં એકલ નાગરિકત્વનો |

| | |
|---|---|
| | સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. |
| ભાગ-3 અનુચ્છેદ – 12 થી 35 (મૂળભૂત અધિકારો ) | |
| અનુચ્છેદ –12 | |
| અનુચ્છેદ –13 | મૂળભૂત અધિકારો સાથે અસંગત હોય તેવા કાયદા |
| અનુચ્છેદ –14 | ભાગ-4 સમાનતાનો અધિકાર (અનુચ્છેદ 14 થી 18) |
| અનુચ્છેદ –14 | કાયદા સામે દરેક નાગરિકની સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ (સમાનતાનો અધિકાર) |
| અનુચ્છેદ –15 | ધર્મ, વંશ, જાતિ, લિંગ કે જન્મસ્થળ આધારે કોઈપણ ભેદભાવ રાખી શકાશે નહિ |
| અનુચ્છેદ –15 (3) | કોઈ રાજ્યને સ્ત્રીઓ અને બાળકો માટે ખાસ જોગવાઈ કરતાં અટકાવશે નહીં. |
| અનુચ્છેદ –15 (4) | સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ ના લોકોને કોઈ વર્ગોના ઉત્કર્ષ માટે ખાસ જોગવાઈ અંગે રાજયને આ કલમમાં કોઈ મજકૂરથી બાધ આવશે નહીં. |
| અનુચ્છેદ –16 | જાહેર રોજગારીની બાબતમાં સમાન તક |
| અનુચ્છેદ –17<br>(GSSSB-1995)<br>(GSSSB-2012) | ▪ અસ્પૃશ્યતા નાબૂદીની જોગવાઈ<br>▪ અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવે છે અને કોઈપણ સ્વરૂપમાં તેના આચરણની મનાઈ કરવામાં આવી છે. |
| અનુચ્છેદ –18 | ▪ ખિતાબોની નાબૂદીની જોગવાઈ<br>▪ રાજય,સેના અથવા વિદ્યા સંબંધિત સન્માન સિવાય કોઈ ઉપાધિ પ્રદાન કરશે નહીં.<br>▪ ભારતના કોઈ નાગરિક કોઈ વિદેશી રાજ્યની કોઈ ઉપાધિનો સ્વીકાર નહીં કરે.<br>▪ કોઈ વ્યક્તિ જે ભારતનો નાગરિક નથી, રાજ્યને આધીન લાભ અથવા કોઈ વિશ્વાસનું પદ ધારણ કરે છે ત્યારે વિદેશી રાજ્ય પાસે કોઈ ઉપાધિ રાષ્ટ્રપતિની સહમતી વિના સ્વીકારી શકશે નહીં. |
| અનુચ્છેદ –19 | ભાગ-5 સ્વતંત્રતાનો અધિકાર (અનુ. 19 થી 22) |
| અનુચ્છેદ –19 | સ્વતંત્રતાનો અધિકાર (અનુ. 19 થી 22) |
| અનુચ્છેદ –19/1 (a) | વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા |
| અનુચ્છેદ –19/1 (b) | શાંતિથી શસ્ત્રો વિના એકઠા થવાનું સ્વતંત્રતા |
| અનુચ્છેદ –19/1 (c) | મંડળી અથવા રચવાનું સ્વતંત્રતા |
| અનુચ્છેદ –19/1 (d) | દેશના કોઈપણ ભાગમાં મુક્તપણે વિહાર કરવાની સ્વતંત્રતા |
| અનુચ્છેદ –19/1 (e) | કોઈપણ ભાગમાં રહેવાનુ અને સ્થાયી થવાની સ્વતંત્રતા |
| અનુચ્છેદ –19/1 (g) | ગમે તે વ્યવસાય કરવાની સ્વતંત્રતા |
| અનુચ્છેદ –20 | ગુનાઓ માટે દોષસિદ્ધિ સંબંધમાં રક્ષણ અંગેની જોગવાઈ ( કોઈ વ્યક્તિ સામે એક જ ગુના માટે એકથી વધારે વાર સજા આપી શકાય નહીં) |
| અનુચ્છેદ –20(1) | પોતાની વિરુદ્ધ સાક્ષી બનવાની ફરજ પાડવી |
| અનુચ્છેદ –20(2) | એક જ ગુના માટે કોઈપણ વ્યક્તિ ઉપર એક થી વધુ વાર કામ ચલાવીને તેને શિક્ષા આપવી. |
| અનુચ્છેદ –21 | વ્યક્તિને પોતાની પસંદગીની વ્યક્તિ સાથે લગ્ન કરવાના હક્કની સુરક્ષા આપે છે. |
| અનુચ્છેદ –21/A | 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણમેળવવાનો હક |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ –22 | કેટલાક સંજોગોમાં ધરપકડ કે અટકાયત સામે રક્ષણ અંગે જોગવાઈ |
| અનુચ્છેદ –23 | શોષણ સામેનો અધિકાર (અનુચ્છેદ- 23 થી 24) |
| અનુચ્છેદ –23 | મનુષ્ય વ્યાપાર તેમજ બળજબરીથી કરવામાં આવતી મજૂરી પર પ્રતિબંધ |
| અનુચ્છેદ –24 (GSSSB-95) | 14 વર્ષથી નાના બાળકોને કારખાના, ખાન અને હાનિકારક કાર્યક્ષેત્રમાં નોકરીએ રાખવા પર પ્રતિબંધ અંગેની જોગવાઈ છે. (બાળમજૂરી પર પ્રતિબંધ) |
| અનુચ્છેદ –25 | ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર (અનુચ્છેદ 25 થી 28) |
| અનુચ્છેદ –25 | સ્વતંત્ર રીતે ધર્મની માન્યતા,પાલન અને પ્રચારની સ્વતંત્રતા |
| અનુચ્છેદ –26 | ધાર્મિક સંપ્રદાય પોતાના કર્મકાંડ કરવાની તથા ઉત્સવ મનાવવાની સ્વતંત્રતા ધરાવે છે. |
| અનુચ્છેદ –27 | ધર્મની અભિવ્યક્તિ માટે કર ચુકવણી અંગે સ્વતંત્રતા |
| અનુચ્છેદ –28 | શૈક્ષણિક સંસ્થાઓમાં ' ધાર્મિક પ્રાર્થનાઓમાં હાજરી અંગેની સ્વતંત્રતા |
| અનુચ્છેદ –29 | સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર (અનુચ્છેદ -29 અને 30) |
| અનુચ્છેદ –29 | લઘુમતીઓને બોલી,ભાષા,લિપિ કે સંસ્કૃતિ અપનાવવાનો અને જાળવવાનો હક |
| અનુચ્છેદ –30 | શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાનો અને વહીવટ કરવાનો લઘુમતીઓનો અધિકાર |
| અનુચ્છેદ –32 | બંધારણીય ઉપચારોનો અધિકાર |
| અનુચ્છેદ –33 | મૂળભૂત અધિકારો મોકૂફ  રહેવા બાબત |
| અનુચ્છેદ –34 | સંસદને જ્યાં માર્શલ લો અમલમાં હોય,તે વિસ્તારમાં, કોઈ વ્યક્તિને તેને કરેલ કૃત્ય માટે અપરાધમુક્તિ બક્ષવામાં સત્તા છે. |
| ભાગ-6 અનુચ્છેદ – 36 થી 51 (રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો ) | |
| અનુચ્છેદ –36 | રાજ્ય શબ્દનો અર્થ |
| અનુચ્છેદ –37 | સિદ્ધાંતો લાગુ પાડવા બાબત. |
| અનુચ્છેદ –38 | લોકકલ્યાણની વૃદ્ધિ માટે રાજ્યએ કરવાની સામાજિક વ્યવસ્થા |
| અનુચ્છેદ –39 | ▪ રાજ્યોએ સ્ત્રી-પુરૂષ સમાન તક આપવી<br>▪ રાજ્યોએ લોખિતને ધ્યાનમાં રાખીને ભૌતિકસામગ્રીની માલિકી, નિયંત્રણ અને વિતરણ<br>▪ બાળકોના શોષણ સામે રક્ષણ અને તકો વિકસાવવી. |
| અનુચ્છેદ –39/A | સમાન ન્યાય અને મફત કાનૂની સેવાની જોગવાઈ |
| અનુચ્છેદ –40 | ગ્રામ પંચાયતોની રચના અને અધિકાર અંગેની જોગવાઈ ગાંધીજીના કહેવાથી |
| અનુચ્છેદ –41 | અમુક સમયે લોકસહાય મેળવવાનો રાજ્યને અધિકાર અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –42 | ▪ કામની ન્યાયી અને માનવરચિત પરિસ્થિતિ સિદ્ધિ માટેની જોગવાઈ<br>▪ પ્રસૂતિ સહાય માટે રાજ્ય જોગવાઈ કરવી |
| અનુચ્છેદ –43 | કામદારોના નિર્વાહ અને વેતન અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –43/A | ઉદ્યોગોના વહીવટમાં કામદારોની ભાગીદારી |
| અનુચ્છેદ – 44 | સમગ્ર ભારતીય પ્રદેશ માટે સમાન નાગરિક ધારો ઘડવા માટેની જોગવાઈ |
| અનુચ્છેદ –45 | બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ |
| અનુચ્છેદ –46 | અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે તેમજ અન્ય નબળા વર્ગોની શૈક્ષણિક તેમજ  આર્થિક હિતોની વૃદ્ધિ અંગેની જોગવાઈ |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ –47 | પોષણ તથા જીવનધોરણ અને આરોગ્ય સુધારણા માટે રાજ્ય પ્રયત્ન કરશે |
| અનુચ્છેદ –48 | ખેતી અને પશુપાલનના વિકાસ માટે રાજય પ્રયત્ન કરશે. |
| અનુચ્છેદ –48/A | પર્યાવરણનું જતન અને જંગલ અને વન્યજીવોની સલામતીનું રક્ષણ |
| અનુચ્છેદ –49 | રાષ્ટ્રીય મહત્વના સ્થળો, સ્મારકો અને વસ્તુઓનું રક્ષણ |
| અનુચ્છેદ –50 | ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવા બાબત |
| અનુચ્છેદ –51 | આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી માટે પ્રયત્ન કરવો. |
| અનુચ્છેદ – 51/1 (ક) (એ) | નાગરિકની મૂળભૂત ફરજો (42મો બંધારણીય સુધારો-1976)<br>▪ સંવિધાનને વફાદાર રહેવું. તેના આદર્શો અને સંસ્થાઓના રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.<br>▪ ભારતના સાર્વભૌમત્વ, એક્તા અને અખંડિતતાનું સમર્થન કરવું.<br>▪ તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુતાની ભાવનાને વૃદ્ધિ કરવી.<br>▪ સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું જતન કરવું.<br>▪ પર્યાવરણનું જતન અને જંગલ અને વન્યજીવોની સલામતીનું રક્ષણ કરવું અને તમામ જીવો પ્રત્યે અનુકંપા રાખવી.<br>▪ જાહેર મિલકતનું રક્ષણ અને હિંસાનો ત્યાગ કરવો.<br>▪ 6 થી 14 વર્ષના બાળકોના વાલીઓએ પોતાના પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવી. |

| ભાગ-7 અનુચ્છેદ – 52 થી 151 ( સંઘ યુનિયન ) | |
|---|---|
| અનુચ્છેદ – 52 (રાષ્ટ્રપતિ) | ભારતમાં એક રાષ્ટ્રપતિ રહેશે. |
| અનુચ્છેદ – 53 | રાષ્ટ્રપતિની વીટો સત્તાઓ |
| અનુચ્છેદ – 54 | રાષ્ટ્રપતિની ચૂંટણી |
| અનુચ્છેદ – 55 | મતદાન પ્રક્રિયા |
| અનુચ્છેદ – 56 | રાષ્ટ્રપતિ પદ માટેની અવધિ |
| અનુચ્છેદ – 57 | રાષ્ટ્રપતિ તરીકે એક થી વધુ વખત ચૂંટાઈ શકે છે. |
| અનુચ્છેદ – 58 | રાષ્ટ્રપતિની લાયકાત |
| અનુચ્છેદ – 59 | રાષ્ટ્રપતિ પદની શરતો |
| અનુચ્છેદ – 60 | રાષ્ટ્રપતિની શપધવિધિ |
| અનુચ્છેદ – 61 (GSSSB-95) | રાષ્ટ્રપતિ સામે મહાભિયોગની કાર્યરીતિ અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ – 62 | રાષ્ટ્રપતિના સ્થાન પર નિમણૂંક વ્યક્તિની અવધિ |
| અનુચ્છેદ –63 | ઉપ રાષ્ટ્રપતિ |
| અનુચ્છેદ –64 | ઉપ રાષ્ટ્રપતિ હોદ્દાની રૂએ રાજયસભા ના સભાપતિ બને છે. |
| અનુચ્છેદ –65 | રાષ્ટ્રપતિનું પદ ખાલી પડે અને ચૂંટણી ન યોજાય ત્યાં સુધી વધુમાં વધુ છ મહિના ઉપ રાષ્ટ્રપતિ કાર્યભાળ સંભાળી શકે છે. |
| અનુચ્છેદ –66 | ઉપ રાષ્ટ્રપતિની ચૂંટણી |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ –67 | ઉપ રાષ્ટ્રપતિનો કાર્યકાલ |
| અનુચ્છેદ –68 | ઉપ રાષ્ટ્રપતિના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલા ચૂંટણી કરી દેવામાં આવે છે. |
| અનુચ્છેદ –69 | ઉપ રાષ્ટ્રપતિને રાષ્ટ્રપતિ શપધ લેવડાવે છે. |
| અનુચ્છેદ –70 | ઉપ રાષ્ટ્રપતિ નિર્વાહ |
| અનુચ્છેદ – 72 | ગુનેગારોને સુપ્રિમકોર્ટે કરેલી સજા ક્ષમા કરવાની સત્તા |
| અનુચ્છેદ – 74 | પ્રધાનમંડળની રચના |
| અનુચ્છેદ – 74(1) | પ્રધાનમંત્રી નું અવસાન થાય અથવા રાજીનામું આપે ત્યારે સમગ્ર મંત્રીમંડળ વિખેરાઈ જાય છે. |
| અનુચ્છેદ –75 | રાષ્ટ્રપતિ વડાપ્રધાનની નિયુક્તિ કરે છે. અને પ્રધાનમંત્રીની સલાહથી રાષ્ટ્રપતિ મંત્રીઓની નિમણૂંક કરે છે. |
| અનુચ્છેદ –75(1) | રાજકારણ અને દેશ-વિદેશની રાજનીતિ નક્કી કરવાની સત્તા વડાપ્રધાન પાસે છે. |
| અનુચ્છેદ –75(2) | પ્રધાનમંડળનો દરેક મંત્રી રાષ્ટ્રપતિની મરજી સુધી પોતાનો હોદ્દો ભોગવે છે. |
| અનુચ્છેદ –76 | ભારતના એટર્ની જનરલની નિયુક્તિ |
| અનુચ્છેદ –78 | વડાપ્રધાનની ફરજોનું વર્ણન |
| અનુચ્છેદ – 79 | સંસદની રચના કરવાની જોગવાઈ |
| અનુચ્છેદ – 80 | રાજ્ય સભા (ઉપલા ગૃહ)ની રચના અને સંખ્યા (રાજ્યસભામાં 12 સભ્યોની નિયુક્તિ કરવાની સત્તા) |
| અનુચ્છેદ – 81 | લોકસભા (નીચલું ગૃહ)ની રચના |
| અનુચ્છેદ – 84 | સંસદ સભ્ય થવા માટે લાયકાત |
| અનુચ્છેદ – 85 | લોકસભાનો વિસર્જન કરવાની જોગવાઈ |
| અનુચ્છેદ – 86 | રાષ્ટ્રપતિ સંસદના કોઈ પણ એક ગૃહને અથવા બંન્ને ગૃહોને સંબોધિત કરવાનો અધિકાર ધરાવે છે. સંસદ કોઈ ગૃહમાં જ્યારે કોઈ ખરડા પરની ચર્ચા ચાલુ હોય ત્યારે રાષ્ટ્રપતિ તે બાબત અંગે સંદેશો પાઠવી શકે છે. |
| અનુચ્છેદ – 87 | લોકસભાની દરેક સામાન્ય ચૂંટણી પછીના પ્રથમ સત્રની શરૂઆતમાં અને દરેક વર્ષના પ્રથમ સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ સંસદના સંયુકત સંબોધન કરશે. |
| અનુચ્છેદ – 93 | લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ |
| અનુચ્છેદ –98 | સંસદના કોઈપણ ગૃહના કર્મચારીઓની ભરતી અને તે પર નિમાયેલ વ્યક્તિઓની સેવાની શરતીનું નિયમન સંસદ કાયદાથી કરી શકે છે. |
| અનુચ્છેદ –100 | ગૃહમાં મતદાન અને કોરમ |
| અનુચ્છેદ –101 | ▪ ગૃહની બેઠક ખાલી થવા બાબત<br>▪ કોઈપણ વ્યક્તિ એકી સમયે એક જ ગૃહના સભ્ય તરીકે રહી શકે, કોઈ વ્યક્તિ સંસદના બને ગૃહોમાં સભ્ય તરીકે ચૂંટાયેલ હોય,ત્યારે બને ગૃહોમું સભ્યપદ તે ધરાવી શકે નહીં |
| અનુચ્છેદ –102 | ▪ ગૃહના સભ્ય તરીકે ગેરલાયકાતોની જોગવાઈ |
| અનુચ્છેદ –104 | જયારે કોઈ વ્યક્તિ પોતે એમ જણાવે કે પોતે ગૃહના સભ્ય થવા લાયક નથી અને તેમ છતાં ગૃહમાં બેસે, તો રોજના રૂ. 5000 લેખે દંડની જોગવાઈ |
| અનુચ્છેદ –105 | સંસદના ગૃહો અને તેના સભ્યો અને સમિતિઓની મુક્તિઓ અને વિશેષાધિકારોની જોગવાઈ |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ –106 | સંસદ સભ્યોના પગારો અને ભથ્થાઓની જોગવાઈ |
| અનુચ્છેદ –107 | સંસદમાં ખરડો દાખલ અને પસાર થવા અંગેની જોગવાઇઓ |
| અનુચ્છેદ – 108 | બંને ગૃહોની સંયુકત બેઠક અંગે જોગવાઈ |
| અનુચ્છેદ – 109 | સંસદમાં નાણાં ખરડો પસાર કરવાની કાર્યવાહી અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ – 110 | નાણાં વિધેયકની વ્યાખ્યા |
| અનુચ્છેદ – 111 | સંસદના બંને ગૃહોએ કોઈ ખરડો પસાર કર્યા બાદ આવો ખરડો રાષ્ટ્રપતિની અનુમતિ પ્રાપ્ત થયા બાદ જ કોઈપણ ખરડો કાયદો બને છે. (વિટો પાવર) |
| અનુચ્છેદ – 112 | સંસદના બંને ગૃહોમાં વાર્ષિક નાણાકીય બજેટ રજૂ કરવામાં આવે છે. |
| અનુચ્છેદ – 113 | અનુદાનોની માગણી સંબંધમાં સંસદમાં કાર્યવાહીની જોગવાઈ |
| અનુચ્છેદ – 114 | લોકસભાએ અનુદાનોને મંજૂર આપ્યા બાદ વિનિયોગ ખરડા તરીકે ઓળખાતો ખરડો ગૃહમાં રજૂ કરવામાં આવે છે. |
| અનુચ્છેદ – 117 | નાણાકીય ખરડા વિષે ખાસ જોગવાઇઓ |
| અનુચ્છેદ – 120 | સંસદમાં વાપરવાની ભાષાની જોગવાઈ<br>હિન્દી અથવા અંગ્રેજીમાં ભાષા જોગવાઈ છતાં અધ્યક્ષાની મંજૂરી લઈને પોતાની માતૃભાષામાં ગૃહને સંબોધન કરી શકે છે. |
| અનુચ્છેદ – 121 | સંસદમાં ચર્ચા પર નિયંત્રણ |
| અનુચ્છેદ – 122 | સંસદની કોઈ કાર્યવાહીની કાયદેસરતા સામે, કાર્યવાહીની કહેવાતી અનિયમિતતાના કારણસર વાંધો લઈ શકતો નથી. પરંતુ કોઈ સંસદીય કાર્યવાહીથી બંધારણની કોઈ આજ્ઞાર્થ જિગવાઈઓનો ભંગ થતો હોય તો તેની કાયદેસરતા સામે વાંધો લઈ શકાય  છે. |
| અનુચ્છેદ – 123 | રાષ્ટ્રપતિને અધ્યાદેશ જાહેર કરવાની સત્તા |
| અનુચ્છેદ – 124 | સર્વોચ્ચ અદાલતની સ્થાપના અને રચના |
| અનુચ્છેદ – 124(1) | સર્વોચ્ચ અદાલત નો ન્યાયાધીશ 65 વર્ષ સુધી વય સુધી રહી શકે છે. |
| અનુચ્છેદ – 124(4) | સર્વોચ્ચ અદાલતના  ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવા માટેની જોગવાઈ છે. |
| અનુચ્છેદ – 124(6) | સર્વોચ્ચ અદાલત નો ન્યાયાધીશ પોતાનું પદ ગ્રહણ કરતાં પહેલા રાષ્ટ્રપતિ  અથવા તેમના દ્વારા નિયુક્તિ કરાયેલ વ્યક્તિ સમક્ષ શપથ લે છે. |
| અનુચ્છેદ – 126 | રાષ્ટ્રપતિ સુપ્રિમકોર્ટના જ કોઈ કાર્યકારી ચીફ જસ્ટિસ તરીકે નિમણૂંક કરી શકે છે. |
| અનુચ્છેદ – 127 | રાષ્ટ્રપતિની પૂર્વ પરવાનગી લઈને હાઇકોર્ટના જજને સુપ્રિમકોર્ટના એડહોક જજ તરીકે નીમી શકાય છે. |
| અનુચ્છેદ – 128 | સુપ્રિમકોર્ટ કોર્ટ ઓફ રેકોર્ડ છે અને તેને પોતાના તિરસ્કાર બદલ સજા કરવા સહિતની કોર્ટ ઓફ રેકોર્ડની તમામ સત્તાઓ હોય છે. |
| અનુચ્છેદ – 131 | મૂળ હકૂમત |
| અનુચ્છેદ – 132 | સર્વોચ્ચ અદાલતના વિવાદનો અધિકાર (બંધારણીય બાબતો) |
| અનુચ્છેદ – 133 | દિવાની બાબતો |
| અનુચ્છેદ – 134 | સુપ્રિમકોર્ટ ને ફોજદારી બાબતોમાં જે તે હાઇકોર્ટના પ્રમપત્ર વિના પણ અપિલકીય હકૂમત પ્રાપ્ત થાય છે. |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ – 136 | સુપ્રિમકોર્ટ ને અપીલ કરવા માટે ખાસ પરવાનગી આપવાની ખાસ સંજોગોમાં સત્તા છે. |
| અનુચ્છેદ – 137 | સુપ્રિમકોર્ટ ને પોતાના જજમેન્ટ કે ઓર્ડરનું પુનરાવલોકન કરવાની સત્તા આપવામાં આવી છે. |
| અનુચ્છેદ – 143 | રાષ્ટ્રપતિની સર્વોચ્ચ ન્યાયાલયની સલાહ લેવાની સત્તા |
| અનુચ્છેદ – 145 | કેન્દ્રિય જાહેર સેવાપંચની બાબતમાં રાષ્ટ્રપતિ અધ્યક્ષ કે સભ્યને ગેરવર્તનના કારણોસર સસ્પેન્ડ કરી શકે છે. રાજ્યના રાજયપાલ આવા અધ્યક્ષ કે સભ્યને સસ્પેન્ડ કરી શકે છે. |
| અનુચ્છેદ – 148 (GSSSB-95) | ભારતના એક નિયંત્રક – મહાલેખા પરીક્ષક રહેશે. (કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ)<br>કેન્દ્રિય મંત્રીમંડળની સલાહ અનુસાર રાષ્ટ્રપતિ  નિમણૂંક કરે છે. |
| અનુચ્છેદ – 149 | કેન્દ્રના  અને રાજયોના હિસાબો બાબતે સાંસદે ઘડેલા કાયદાથી ઠરવાયેલ ફરજો બજાવશે. |
| અનુચ્છેદ – 151 | ઓડિટ રિપોર્ટ |
| અનુચ્છેદ – 151(2) | રાજ્યના હિસાબો સંબંધે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના રિપોર્ટો રાજ્યના રાજયપાલ સમક્ષ રજૂ કરવા અને રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવાની જોગવાઈ |
| ભાગ-8 અનુચ્છેદ – 152 થી 237 ( રાજય) | |
| અનુચ્છેદ – 152 | ‘ રાજયમાં’ જમ્મુ અને કાશ્મીર રાજ્યનો સમાવેશ થતો નથી |
| અનુચ્છેદ – 153 | દરેક રાજય માટે એક રાજયપાલની જોગવાઈ |
| અનુચ્છેદ – 154 | રાજયની કારોબારી સત્તા રાજ્યપાલમાં સ્થાપિત થાય છે. તેમણે મંત્રીમંડળની સલાહ મુજબ કારોબારી સત્તાનો ઉપયોગ કરવાનો હોય છે. |
| અનુચ્છેદ – 155 | કેન્દ્રિય મંત્રીમંડળની સલાહ પ્રમાણે રાષ્ટ્રપતિ રાજ્યપાલની નિમણૂંક કરે છે. |
| અનુચ્છેદ – 156 (1) | રાષ્ટ્રપતિની ઈચ્છા સુધી તેઓ રાજ્યપાલનો હોદ્દો સંભાળી શકે છે.<br>રાષ્ટ્રપતિની બદલી અથવા પદભ્રષ્ટ કરે છે. |
| અનુચ્છેદ – 157 | રાજયપાલના પદ માટે લયકાતોમાં તે ભારતનો નાગરિક હોવો જોઈએ અને તેણે પાંત્રીસ વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ. |
| અનુચ્છેદ – 158 | રાજયપાલના પદની શરતોની જોગવાઈ |
| અનુચ્છેદ – 161 | રાજયપાલને સજા માફ કરવાની, મુલતવી રાખવાની કે સજા હળવી કરવાની સત્તા જો કે મૃત્યુદંડની સજા માફ કરવાની સત્તા રાજ્યપાલને નથી આ સત્તા ફક્ત રાષ્ટ્રપતિને અપાયેલ છે. |
| અનુચ્છેદ – 163 | રાજયપાલ બહુમતી પક્ષના અધ્યક્ષની મુખ્યમંત્રી તરીકે વરણી કરે છે. |
| અનુચ્છેદ – 164 | રાજ્યપાલ મુખ્યમંત્રી સલાહ મુજબ પ્રધાનોની નિમણૂંક કરે છે. |
| અનુચ્છેદ – 165 | રાજ્યના એડવોકેટ જનરલની રચના |
| અનુચ્છેદ – 166 | રાજ્ય સરકારનું તમામ કારોબારી કામકાજ રાજ્યપાલના નામથી થશે. |
| અનુચ્છેદ – 167 | મુખ્યમંત્રી રાજ્યપાલને માહિતી આપવાની ફરજોની જોગવાઈ |
| અનુચ્છેદ – 168 | વિધાનમંડળની રચના (સત્ર બોલાવવાનું, સ્થગિત કરવાનું તથા ભંગ કરવાનો અધિકાર) |
| અનુચ્છેદ – 170 | વિધાનસભાઓની રચના |
| અનુચ્છેદ – 171 | વિધાનપરીષદની રચના |
| અનુચ્છેદ – 172 | રાજ્ય વિધાનસભાની મુદત અંગેની જોગવાઈ (પાંચ વર્ષની) |
| અનુચ્છેદ – 173 | વિધાનગૃહના સભ્ય થવા માટેની લાયકાત (25 વર્ષથી ઓછી અને વિધાન પરિષદમાં 30 વર્ષથી ઓછી હોવી જોઈએ નહીં. |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ – 174 | રાજય વિધાનગૃહનું સત્ર, સત્ર સમાપ્તિ અને વિસર્જનની જોગવાઇઓ<br>એક સત્રની છેલ્લી બેઠક અને તે પછીના સત્રની તેની પ્રથમ બેઠક માટેની નિયત તારીખો વચ્ચે છ માસ કરતાં વધારે સમય પસાર થયેલ હોવો જોઈએ. |
| અનુચ્છેદ – 175 | રાજ્યપાલને વિધાનસભા અથવા વિધાન પરિષદને અથવા બંને ગૃહોની સંયુકત બેઠકને સંબોધન કરવાના વિશેષાધિકાર માટેની જોગવાઈ |
| અનુચ્છેદ – 176 | રાજ્યપાલના ખાસ સંબોધન કરવાની ફરજ વિશે જણાવવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – 178 | વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તરીકે પસંદગી અંગેની જોગવાઈ છે. |
| અનુચ્છેદ – 179 | વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ હોદ્દાની મુદત પહેલા ગમે ત્યારે પોતાના હોદ્દાનું રાજીનામુ આપી શકે છે. |
| અનુચ્છેદ – 180 | વિધાનસભાના અધ્યક્ષનું પદ ખાલી થાય ત્યારે ઉપાધ્યક્ષ અધ્યક્ષ તરીકેની ફરજો બજાવે છે. |
| અનુચ્છેદ – 181 | ઉપાધ્યક્ષ પદ ખાલી હોય ત્યારે રાજયપાલ સૂચવે તે  સભ્ય ઉપાધ્યક્ષ પદની ફરજો બજાવશે. |
| અનુચ્છેદ – 186 | વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પગાર અને ભથ્થાઓ રાજ્ય વિધાનગૃહ કાયદાથી નક્કી કરે તે મુજબના રહેશે. |
| અનુચ્છેદ – 189 | વિધાનગૃહનું કોરમ (ગૃહના 10 સભ્યો અથવા તે ગૃહના સભ્યોની કુલ સંખ્યાના એક દશાંશ સભ્યો,આ બેમાંથી જે વધારે હશે તે રહેશે) |
| અનુચ્છેદ – 190 | વિધાનસભાના સભ્યની બેઠક ખાલી જાહેર થયા તે અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ – 191 | કોઈ વ્યક્તિ વિધાનગૃહમાં સભ્યપદ માટેની ગેરલાયક થાય તે અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ – 192 | ગૃહમાં કોઈ સભ્ય ગેરલાયક બનેલ છે કે કેમ તે બાબતનો નિર્ણય રાજયપાલ કરશે. અને રાજયપાલ નિર્ણય કરતાં અગાઉ ચૂંટણી પંચનો અબીપ્રાય મેળવી તેણે અનુસરશે. |
| અનુચ્છેદ – 194 | રાજ્ય વિધાનગૃહો અને તેના સભ્યોની સત્તાઓ અને વિશેષાધિકારો અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ – 196 | કાયદો ઘડવા અંગેની પ્રક્રિયાની જોગવાઇઓ |
| અનુચ્છેદ – 197 | વિધાન પરિષદની સત્તા પર નિયંત્રણ |
| અનુચ્છેદ – 198 | નાના ખરડો પસાર કરવાની કાર્યવાહી |
| અનુચ્છેદ –200 | ખરડાની અનુમતિ |
| અનુચ્છેદ –201 | વિચારણા માટે અનામત ખરડાઓ |
| અનુચ્છેદ –202 | વાર્ષિક (બજેટ) નાણાકીય નિવેદન |
| અનુચ્છેદ –203 | રાજ્યપાલની ભલામણ વિના અનુદાન માટેની માંગણી વિધાનસભામાં રજૂ કરી શકાતી નથી. |
| અનુચ્છેદ –203(3) | આકસ્મિક નિધિમાંથી ખર્ચ કરવાનો અધિકાર |
| અનુચ્છેદ –210 | વિધાનમંડળમાં વાપરવાની ભાષા અંગેની સ્પષ્ટતા અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –213 | વિધાનમંડળનું સત્ર ચાલતું ન હોય ત્યારે રાજ્ય મંત્રીમંડળ રાજયપાલના નામે વટહુકમ બહાર પાડે છે. |
| અનુચ્છેદ –214 | દરેક રાજ્ય માટે વડી અદાલત  રહેશે. |
| અનુચ્છેદ –215 | વડી અદાલત કોર્ટ ઓફ રેકર્ડ  ગણાય છે. એટલે કે તેણે પોતાના તિરસ્કાર માટે શિક્ષા કરવાની સત્તા હોય છે. |
| અનુચ્છેદ –216 | વડી અદાલતમાં એક મુખ્ય ન્યાયાધીશ સહિત રાષ્ટ્રપતિ વખતોવખત જેટલા જરૂરી હોય. |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ –217 | વડી અદાલતમાં એક મુખ્ય ન્યાયાધીશ તેમ જ અન્ય ન્યાયાધીશોની નિમણૂંક રાષ્ટ્રપતિ કરે છે. |
| અનુચ્છેદ –217/A | ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ 62 વર્ષની વય સુધી પદ-સેવા આપી શકે છે. |
| અનુચ્છેદ –219 | ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશે લેવાના શપધ |
| અનુચ્છેદ –220 | વડી અદાલતના ન્યાયાધીશ વકીલાત કરી શકશે નહીં. |
| અનુચ્છેદ –221 | વડી અદાલતના ન્યાયાધીશના પગાર ચુકવણી અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –222 | રાષ્ટ્રપતિ દ્વારા વડી અદાલતના ન્યાયાધીશની બદલી કરવાની સત્તા |
| અનુચ્છેદ –223 | રાષ્ટ્રપતિ દ્વારા વડી અદાલતના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂંક અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –224 | જો રાષ્ટ્રપતિને એમ લાગે કે કોઈ વડી અદાલતમાં કામકાજનું ભરાવના કારણોસર ન્યાયાધીશોની સંખ્યામાં કામચલાઉ વધારો કરી શકે છે. |
| અનુચ્છેદ –224/A | નિવૃત ન્યાયાધીશની નિમણૂંક અંગેની જોગવાઇઓ |
| અનુચ્છેદ –226 | વડી અદાલતને સરકાર, કોઈ પણ સત્તાધિકારી અથવા વ્યક્તિ સામે આજ્ઞાપત્ર આપવાની સત્તા છે. |
| અનુચ્છેદ –227 | દરેક વડી અદાલતને પોતાના પ્રદેશમાં આવેલ તમામ અદલતો અને ટ્રિબ્યુનલો પર દેખરેખની સત્તા છે. |
| અનુચ્છેદ –233 | રાજ્યના કોઈપણ જિલ્લા માટે જિલ્લા ન્યાયાધીશ તરીકેની નિમણૂંક આપવાની સત્તા રાજ્યપાલને છે. |
| અનુચ્છેદ –235 | વડી અદાલત જિલ્લા ન્યાયાધીશ કરતાં ઉતરતા દરજ્જાનો હોદ્દો ધરાવનાર વ્યક્તિઓની નિમણૂંક અને તેમને રાજાની મંજૂરી સહિત જિલ્લા અદાલતોઅને તાબાની અદાલતો પર અંકુશ ધરાવે છે. |
| અનુચ્છેદ –238 | પ્રથમ સૂચિના ભાગ ખના રાજ્યો |
| અનુચ્છેદ – 239 થી 242 ( કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટી સંબંધી જોગવાઇઓ ) | |
| અનુચ્છેદ –239 | રાષ્ટ્રપતિ જ સંઘ પ્રદેશોનો વહીવટ કરશે. |
| અનુચ્છેદ –239AA | દિલ્હીને રાષ્ટ્રીય રાજધાનીનો દરજ્જો (69માં બંધારણીય સુધારાથી) |
| અનુચ્છેદ –239AB | દિલ્હીમાં બંધારણીય તંત્ર નિષ્ફળ જાય ત્યારે |
| અનુચ્છેદ –239/B | રાષ્ટ્રપતિ કોઈ રાજયના રાજ્યપાલને નજીકના કોઈ કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટદાર નિયુક્તિ કરી શકે છે. |
| અનુચ્છેદ –241 | સંઘ પ્રદેશમાં વડી અદાલતની સ્થાપના માટે સાંસદે કાયદો ઘડવા અથવા સાંસદ તે પરદેશમાં આવેલ કોઈ અદાલતને વડી અદાલત તરીકે જાહેર કરી શકે છે. |
| ભાગ- 9 :- અનુચ્છેદ –243 ( ક/(A) થી ણ/(O) સુધી) (પંચાયતો) | |
| અનુચ્છેદ –243 | પંચાયત :વ્યાખ્યાઓ |
| અનુચ્છેદ –243(A) | ગ્રામસભાની રચના |
| અનુચ્છેદ –243(B) | રાજયમાં પંચાયતોની રચનાની જોગવાઈ |
| અનુચ્છેદ –243(C) | પંચાયતનું માળખું |
| અનુચ્છેદ –243(D) | કેટલાક વર્ગો માટે બેઠકો અનામત રાખવાની જોગવાઈ |
| અનુચ્છેદ –243(E) | પંચાયતની મુદત |
| અનુચ્છેદ –243(F) | પંચાયતી રાજમા સભ્યપદ માટેની ગેરલાયકાતો |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ –243(G) | પંચાયતની સત્તા , અધિકાર અને જવાબદારી |
| અનુચ્છેદ –243(H) | પંચાયતોની કર ઉઘરાવવાની સત્તા અને ફંડ બાબતની જોગવાઈ |
| અનુચ્છેદ –243(I) | નાણાં આયોગ / નાણાપંચ |
| અનુચ્છેદ –243(J) | પંચાયતના હિસાબોના ઓડિટ અંગે જોગવાઈ |
| અનુચ્છેદ –243(K) | પંચાયતની ચૂંટણીઓ સંબંધિત જોગવાઈ |
| અનુચ્છેદ –243(L) | કેન્દ્રશાસિત પ્રદેશોમાં પંચાયતીરાજ અંગે વ્યવસ્થા |
| અનુચ્છેદ –243(M) | દેશના અમુક વિસ્તારોમાં પંચાયતી રાજ વ્યવસ્થા લાગુ પડશે નહીં. |
| અનુચ્છેદ –243(N) | વિદ્યમાન કાયદાઓ અને પંચાયતો ચાલુ રહેવા અંગે જોગવાઈ |
| અનુચ્છેદ –243(O) | પંચાયતી રાજની ચૂંટણી સંબંધિત ન્યાયાલય દખલ કરી શકશે નહીં. |
| ભાગ- 9/A :- અનુચ્છેદ –243 ( ત/(P) થી છ/ZG સુધી) (નગરપાલિકાઓ) | |
| અનુચ્છેદ –243 (P) | નગરપાલિકા : વ્યાખ્યાઓ (શહેર સુધારાઓનુ ગઠન) |
| અનુચ્છેદ –243 (Q) | નગરપાલિકાની રચના |
| અનુચ્છેદ –243 (R) | નગરપાલિકાનું માળખું |
| અનુચ્છેદ –243 (S) | વોર્ડ સમિતિની રચના અને માળખાની જોગવાઈ |
| અનુચ્છેદ –243 (T) | કેટલાક વર્ગો માટે બેઠકો અનામત રાખવાની જોગવાઈ |
| અનુચ્છેદ –243 (U) | નગરપાલિકાની મુદત |
| અનુચ્છેદ –243 (V) | સભ્યપદ માટેની ગેરલાયકાતો |
| અનુચ્છેદ –243 (W) | નગરપાલિકાની કરવેરાની સત્તા, અધિકાર અને જવાબદારી |
| અનુચ્છેદ –243 (X) | નગરપાલિકાની કરવેરાની સત્તા, ફંડની જોગવાઈ |
| અનુચ્છેદ –243 (Y) | નાણાં આયોગ / નાણાપંચ |
| અનુચ્છેદ –243 (Z) | નગરપાલિકાના હિસાબોના ઓડિટ અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –243 (ZA) | નગરપાલિકાની ચૂંટણીઓ સંબંધિત જોગવાઈ |
| અનુચ્છેદ –243 (ZB) | કેન્દ્રશાસિત પ્રદેશોને આ જોગવાઈ લાગુ પડતી નથી |
| અનુચ્છેદ –243 (ZC) | અમુક વિસ્તારોને આ જોગવાઈ લાગુ પડતી નથી |
| અનુચ્છેદ –243 (ZD) | જિલ્લા આયોજન સમિતિ |
| અનુચ્છેદ –243 (ZE) | મેટ્રોપોલિટન આયોજન સમિતિ |
| અનુચ્છેદ –243 (ZF) | વિદ્યમાન કાયદાઓ અને નગરપાલિકા ચાલુ રહેવા અંગે જોગવાઈ |
| અનુચ્છેદ –243 (ZG) | ચૂંટણી સંબંધિત બાબતમાં ન્યાયતંત્ર દખલ કરી શકશે નહીં. |
| ભાગ- 9/B :- અનુચ્છેદ –244 ( સહકારી મંડળીઓ) | |
| અનુચ્છેદ –244 | અનુસૂચિત વિસ્તારમાં અને આદિજાતિ વિસ્તારોમાં વહીવટ બાબતની જોગવાઇઓ |
| ભાગ- 11 :- અનુચ્છેદ –245 થી 263 ( કેન્દ્ર અને રાજ્યો વચ્ચેનો સંબંધ ) | |
| અનુચ્છેદ –245 | સંસદ અને રાજ્ય ધારાગૃહોએ કરેલ કાયદાઓ |
| અનુચ્છેદ –246 | સંસદ અને રાજ્ય ધારાગૃહોએ કરેલ કાયદાઓનું વિષયવસ્તુ |
| અનુચ્છેદ –247 | સંસદની વધારાની અદાલતી સ્થાપવાની સત્તા |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ –248 | કાયદા ઘડવાની શેષ સત્તાઓ |
| અનુચ્છેદ –249 | રાષ્ટ્રીય હિતમાં સંસદની કાયદો ઘડવાની સત્તા |
| અનુચ્છેદ –250 | કટોકટીનું જાહેરનામું અમલમાં હોય ત્યારે સંસદની કાયદો ઘડવાની સત્તા |
| અનુચ્છેદ –251 | સંસદના અને રાજ્યના કાયદાઓ વચ્ચે વિસંગતતા |
| અનુચ્છેદ –252 | રાજયોની સમિતિથી સંસદની કાયદો  ઘડવાની સત્તા |
| અનુચ્છેદ –253 | આંતરરાષ્ટ્રીય સમજૂતીઓના અમલ માટે કાયદાઓ |
| અનુચ્છેદ –254 | સંસદના કાયદા અને રાજ્યના કાયદા વચ્ચે વિસંગતતા |
| અનુચ્છેદ –256 | રાજ્યને તેના વહીવટ અંગે સૂચન મોકલી શકે છે કે જેનો રાજાને પાલન કરવાનો અને કરવવાનો રહેશે. (સંઘ અને રાજયોની ફરજ) |
| અનુચ્છેદ –257 | રાજ્યએ કેન્દ્રને અડચણ ન પહોંચે તે રીતે પોતાનો વહીવટ કરવાનો છે. (સંઘનો રાજ્યો પર અંકુશ) |
| અનુચ્છેદ –258 | સંઘની રાજ્યોને સત્તા  સોંપવાની સત્તા |
| અનુચ્છેદ –261 | કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના જાહેર કૃત્યો, રેકડ્ઝ અને ન્યાયિક કાર્યવાહીઓ સમગ્ર દેશમાં માન્ય રહેશે. |
| અનુચ્છેદ –262 | કોઈ આંતરરાજ્ય નદી, ખીણ કે પાણીના ઉપયોગ, વિતરણ અંગે વિવાદ ઉકેલવા અંગેની |
| અનુચ્છેદ –263 | આંતર રાજય પરિષદની બાબતના નિયમોની જોગવાઈ |
| ભાગ- 12 :- અનુચ્છેદ –264 થી 300 ( નાણાં ,સંપત્તિ અને વાદ-વિવાદ ) | |
| અનુચ્છેદ –265 (GSSSB-95) | કાયદાથી મળેલા અધિકાર સિવાય, કોઈ કર નાખી શકશે નહિ કે વસૂલ કરી શકાશે નહિ ( કાર નાખવાની સત્તા) |
| અનુચ્છેદ –266 | સંચિત નિધિ અને જાહેર ખાતું (અંદાજપત્ર) |
| અનુચ્છેદ –267 | આકસ્મિક નિધિ (અંદાજપત્ર) |
| અનુચ્છેદ –268 | સંઘની રાજ્યો દ્વારા વસૂલ લેવાતી જકાતો અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –269 | સંઘ દ્વારા વસૂલ કરાયેલ અને રાજ્યને સોંપવામાં આવતી કરની રકમ અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –270 | સંઘ અને રાજયો વચ્ચે કારની વહેંચણી અંગેની જોગવાઈ |
| અનુચ્છેદ –271 | કાર અને જકતો પરનો સરચાર્જ અને સંસદે ઘડેલ હોય કાયદા હેઠળ ચોક્કસ હેતુઓ માટે લદાયેલ કર ભારત સરકાર દ્વારા લાદવામાં આવશે અને તેના દ્વારા જ વસૂલવામાં આવશે. |
| અનુચ્છેદ –274 | કરવેરાના ખરડાઓ માટે રાષ્ટ્રપતિની પૂર્વમંજુરી |
| અનુચ્છેદ –275 (GSSSB-2018) | રાજયમાં અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ સાધવા તે રાજ્યોને સહાય માટે ખાસ અનુદાન કરવાની જોગવાઈ |
| અનુચ્છેદ –276 | વેપાર રોજગાર પરનો કર |
| અનુચ્છેદ –280 | નાણાં પંચની રચના |
| અનુચ્છેદ –281 (GSSSB-2016) | રાષ્ટ્રપતિ, નાણાપંચે કરેલી ભલામનોને સંસદમાં પ્રસ્તુત કરવામાં આવે છે. |
| અનુચ્છેદ –296 | ખાલસાથી, અધિકાર નાશ કે નધણિયાતી મિલકત |
| અનુચ્છેદ –297 | પ્રદેશિક જળ વિસ્તારની મૂલ્યવાન ચીજોની માલિકી |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ –298 | વેપાર કરવાની સત્તા |
| અનુચ્છેદ –299 | કરારો |
| અનુચ્છેદ –300 | દાવાઓ |
| અનુચ્છેદ –300A | કાયદાની સત્તા વગર કોઈપણ વ્યક્તિને તેની મિલકતથી વંચિત કરી શકાતી નથી. (મિલકતનો અધિકાર) |
| ભાગ- 13 :- અનુચ્છેદ –301 થી 307 ( ભારતના પરદેશમાં વેપાર અને વાણિજ્ય ) | |
| અનુચ્છેદ –301 | વેપાર વાણિજય સ્વાતંત્ર્ય |
| અનુચ્છેદ –302 | વેપાર વાણિજય પર નિયંત્રણો |
| અનુચ્છેદ –303 | પરિશિષ્ઠ 7ની ત્રણ યાદીઓમાં પૈકી કોઈ યાદીમાં વેપાર અને વાણિજય સંબંધી કોઈ નોંધણી રૂએ એક રાજયમાં ઉત્પાદિત થયેલ માલ વચ્ચે કોઈ ભેદભાવ દર્શાવવામાં આવે. |
| અનુચ્છેદ –304 | રાજ્યોમાં વેપાર, વાણિજ્ય પર નિયંત્રણો |
| ભાગ- 14 :- અનુચ્છેદ –308 થી 323 ( કેન્દ્ર તથા રાજ્યો હસ્તક સેવાઓ ) | |
| અનુચ્છેદ –309 | કેન્દ્ર અને રાજ્યોમાં કર્મચારીઓની ભરતી અને સેવાની શરતો |
| અનુચ્છેદ –310 | કેન્દ્ર અથવા રાજયની સેવામાં રહેલ વ્યક્તિઓના પદની મુદત |
| અનુચ્છેદ –310 (A) | સંઘની સંરક્ષણ સેવાઓ |
| અનુચ્છેદ –310 (B) | રાજ્યની મુલકી સેવાઓ (GPSC) |
| અનુચ્છેદ –311 | કેન્દ્ર અથવા રાજ્યની મૂલ્કી સેવામાં નોકરિયાતોને રક્ષણ. |
| અનુચ્છેદ –312 | અધિકારીઓની નોકરીની શરતોમાં ફેરફાર કરવાની અથવા રદ કરવાની સત્તા સંસદને આપવામાં આવી છે. |
| અનુચ્છેદ –314 | સનદી અધિકારીઓના વિશેષ અધિકારોની જોગવાઈ (1972માં 28મા સુધારા દ્વારા રદ) |
| અનુચ્છેદ –315 | જાહેર સેવા આયોગની રચના (અનુચ્છેદ- 315 થી 323) |
| અનુચ્છેદ –316 | રાજ્ય જાહેર સેવા આયોગના સભ્યોની નિમણૂંક રાજ્યના રાજયપાલ કરે છે. |
| અનુચ્છેદ – 317 | જાહેર સેવાપંચના સભ્યને રૂખસદ |
| અનુચ્છેદ – 320 | જાહેર સેવાપંચના કાર્યો (ફરજો) |
| અનુચ્છેદ – 322 | જાહેર સેવાપંચનો ખર્ચ અને અહેવાલ |
| અનુચ્છેદ – 323(A) | વહીવટી ન્યાય પંચોની સ્થાપના માટે જોગવાઈ |
| અનુચ્છેદ – 323(B) | અન્ય બાબતો માટે ટ્રિબ્યુનલ |
| ભાગ- 15 :- અનુચ્છેદ –324 થી 329 ( ચૂંટણી / નિર્વાચન) | |
| અનુચ્છેદ – 324 (GSSSB-2016) | ચૂંટણીની આદર્શ આચાર સંહિતા માર્ગદર્શિકા (ચૂંટણીપંચની રચના) |
| અનુચ્છેદ – 325 | પુખ્ત મતાધિકારના ધોરણે ચૂંટણી મતદાન માટે લાયકાતો |
| અનુચ્છેદ – 329 | અદાલતની હકૂમત પર રોક |
| ભાગ- 16 :- અનુચ્છેદ –330 થી 342 ( ચોક્કસ વર્ગો સંબંધિત ખાસ જોગવાઇઓ ) | |
| અનુચ્છેદ – 330 | લોકસભામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બેઠકો અનામત રાખવા બાબતની |

www.gyanbhandar.com

| | |
|---|---|
| | જોગવાઈ કરવામાં આવી છે. |
| અનુચ્છેદ – 331 | બે એગ્લો ઇન્ડિયન કૉમ્યુનિટીના સભ્યોની રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂંક |
| અનુચ્છેદ – 332 | રાજ્ય વિધાનસભામાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત બેઠકો |
| અનુચ્છેદ – 333 | રાજ્ય ધારાસભામાં એગ્લો ઇંડિયન જાતિનું પ્રતિનિધિત્વ |
| અનુચ્છેદ – 334 (GSSSB-2018) | લોકસભા અને રાજયોની વિધાનસભામાં ચોક્કસ વર્ગની બેઠકો અનામત રાખવાનું અને ખાસ પ્રતિનિધિતવ આપવાનું (સિત્તેર)વર્ષ પછી બંધ કરવા બાબતની જોગવાઈ |
| અનુચ્છેદ – 335 | સંઘના અથવા રાજ્યના કામકાજ સાથે સંબંધ ધરાવતી સેવાઓ અને જગ્યાઓ ઉપર નિમણૂંક કરતી વખતે વહીવટની કાર્યક્ષમતાની જાળવણીને સુસંગત હોય એ રીતે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યોના દાવા વિચારણામાં લેવાની જોગવાઈ છે. |
| અનુચ્છેદ – 338 | અનુસૂચિત જાતિ માટે  અનુસૂચિત જાતિઓ રાષ્ટ્રીય કમિશનની રચના અંગે જોગવાઈ |
| અનુચ્છેદ – 338/A | અનુસૂચિત જનજાતિ માટે  અનુસૂચિત જનજાતિઓ રાષ્ટ્રીય કમિશનની રચના અંગે જોગવાઈ |
| અનુચ્છેદ – 340 | પછાત વર્ગોની સ્થિતિની તપાસ કરવા માટે કમિશનની રચના અંગે જોગવાઈ |
| અનુચ્છેદ – 341 | કઈ જાતિઓને અનુસૂચિત જાતિઓ ગણવી તે રાજ્યની બાબત તેના રાજયપાલ વિચાર વિનિમય કરીને જાહેરનામું પ્રસિદ્ધ કરશે. |
| અનુચ્છેદ – 342 | કઈ જાતિઓને અનુસૂચિત આદિજાતિઓ ગણવી તે રાજ્યની બાબત તેના રાજયપાલ વિચાર વિનિમય કરીને જાહેરનામું પ્રસિદ્ધ કરશે. |
| ભાગ- 17 :- અનુચ્છેદ –343 થી 351 ( ભાષાઓ ) | |
| અનુચ્છેદ – 343 | કેન્દ્રની સત્તાવાર ભાષા તરીકે દેવનાગરી લિપિવાળી હિન્દી નક્કી કરવામાં આવેલ છે. |
| અનુચ્છેદ – 345 | હિન્દી રાજ્યની તમામ કે કોઈ સત્તાવાર હેતુ માટે વાપરવાની ભાષા કે ભાષાઓ તરીકે સ્વીકૃતિ આપી શકે છે. |
| અનુચ્છેદ – 346 | રાજ્યો વચ્ચેના વ્યવહારની સત્તાવાર ભાષા તરીકે હિન્દી રહેશે. |
| અનુચ્છેદ – 347 | જો રાષ્ટ્રપતિને સંતોષ થાય કે રાજ્યની વસ્તીનો મોટો ભાગ, પોતાને ત્યાં બોલાતી ભાષાનો ઉપયોગ તે રાજ્ય માન્ય રાખે તેમ ઈચ્છે છે અને જો તે મુજબની માંગણી કરવામાં આવે તો રાષ્ટ્રપતિ સમગ્ર રાજયમાં સત્તાવાર ભાષા તરીકે હુકમ કરી શકે છે. |
| અનુચ્છેદ – 348 | સુપ્રીમકોર્ટ અને હાઇકોર્ટમાં અને ખરડાઓની કાર્યવાહી માટેની ભાષા અંગ્રેજીમાં થશે. |
| અનુચ્છેદ – 349 | રાજયના રાજયપાલ, રાષ્ટ્રપતિની પૂર્વ પરવાનગીથી હાઇકોર્ટની કાર્યવાહી હિન્દીમાં કરવાનું  ઠરાવી શકે છે. |
| અનુચ્છેદ – 350 | કોઈપણ વ્યક્તિ, પોતાની ફરિયાદની રજૂઆત માટે કેન્દ્ર કે રાજયમાં વપર્વાણમાં આવતી કોઈપણ ભાષામાં રજૂઆત કરી શકે છે. |
| અનુચ્છેદ – 351 | હિન્દી ભાષાના વિકાસ માટે રાજ્યે પ્રયત્ન કરવા જણાવેલ છે. |
| ભાગ- 18 :- અનુચ્છેદ –352 થી 360 ( કટોકટીની જોગવાઇઓ  ) | |
| અનુચ્છેદ – 352 | રાષ્ટ્રપતિ રાજ્ય સરકારની મંજૂરી વગર રાજયમાં કટોકટી ન લાદી શકે. (રાષ્ટ્રીય  કટોકટી) |
| અનુચ્છેદ – 353 | કટોકટીનું જાહેરનામાની અસર |
| અનુચ્છેદ – 356 (GSSSB-2016) | બંધારણના નુચ્છેદનો સૌથી વધારે દૂરપયોગ કરવામાં આવે ત્યારે રાષ્ટ્રપતિ રાજયપાલના અહેવાલ પરથી રાષ્ટ્રપતિ શાસન લાદવા માટે ભલામણ કરી શકે છે. (રાજ્યની કટોકટી) |

www.gyanbhandar.com

| | |
|---|---|
| અનુચ્છેદ – 357 | વિત્તીયઆપાત (નાણાં કટોકટી) |
| અનુચ્છેદ – 359 | મૂળભૂત અધિકારોને મોકૂફ રાખી શકાય છે. |
| અનુચ્છેદ – 360 | નાણાકીય કટોકટી |
| ભાગ- 19 :- અનુચ્છેદ –361 થી 367 ( પરચૂરણ ) | |
| અનુચ્છેદ – 361 | |
| ભાગ- 20 :- અનુચ્છેદ –368 ( બંધારણ સંશોધન ) | |
| અનુચ્છેદ – 368 | ભારતનું બંધારણમાં સુધારા કરવા માટે સંસદને સત્તા આપવામાં આવી છે. |
| ભાગ- 21 :- અનુચ્છેદ –369 થી 392 ( કામચલાઉ, સંક્રમણકાલીન અને ખાસ જોગવાઇઓ ) | |
| અનુચ્છેદ – 370 (GSSSB-2016) | જમ્મુ કાશ્મીર રાજ્યને વિશિષ્ટ દરજ્જો આપવામાં આવ્યો છે.(કલમ રદ કરવામાં આવી) |
| અનુચ્છેદ – 371 | ▪ વિદર્ભ, મરાઠાવાડ અને બાકીના મહારાષ્ટ્ર માટે અલગ વિકાસબોર્ડની સ્થાપનાની જોગવાઈ કરે છે.(મહારાષ્ટ્ર, ગુજરાત માટે વિશેષ જોગવાઈ)<br>▪ કચ્છ અને બાકીના ગુજરાત માટે અલગ વિકાસ બોર્ડની સ્થાપના માટેની જોગવાઈ કરે છે. |
| અનુચ્છેદ – 371/A | નાગાલેન્ડ માટે વિશેષ જોગવાઈઓ |
| અનુચ્છેદ – 371/B | આસામ માટે વિશેષ જોગવાઈઓ |
| અનુચ્છેદ – 371/C | મણિપુર માટે વિશેષ જોગવાઈઓ |
| અનુચ્છેદ – 371/D | આંધ્રપ્રદેશ માટે વિશેષ જોગવાઈઓ |
| અનુચ્છેદ – 371/E | સિક્કિમ માટે વિશેષ જોગવાઈઓ |
| અનુચ્છેદ – 371/G | મિઝોરમ માટે વિશેષ જોગવાઈઓ |
| અનુચ્છેદ – 371/H | અરૂણાચલપ્રદેશ માટે વિશેષ જોગવાઈઓ |
| ભાગ- 22 :- અનુચ્છેદ –393 થી 395 ( સંક્ષિપ્ત નામ, પ્રારંભ, હિન્દીમાં અધિકૃત પાઠ અને પુનરાવર્તન)) | |
| અનુચ્છેદ – 393 | |
| અનુચ્છેદ – 394 | |
| અનુચ્છેદ – 395 | |

www.gnanbhandar.com